

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ખાયકી ના ભૂખ ગોચર પણ ખાઈ જાય છે,*
*નડે ન કૈં આચર - કુચર પણ ખાઈ જાય છે*
*બાંધી લે છે અંદરો-અંદર અગોચર સંબંધો -*
*'ચંદા' પર કલંકી કચરો પણ ખાઈ જાય છે*

### હાઈકુ

*સુરક્ષા બંધ!*
*રોટી કપડાં બંધ!*
*ભારત બંધ!*

*રહે નશામાં -*
*દારૂડિયો વિકાસ,*
*રડે બેકારી...*

### ચિંતન

*યસ્મિન યથા વર્તતે યો મનુષ્ય,*
*સ્તસ્મિંસ્તથા વર્તિતવ્યં સધર્મ: ।*
*માયાચારો માયયા વર્તિતવ્ય:*
*સાદ્વાચાર: સાધુના પ્રત્યુપેય: ॥*

**ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**વિદુરજી ધૃતરાષ્ટ્રને કહે છે કે જે મનુષ્ય જે કોઈ બીજા મનુષ્ય સાથે જેવો વર્તાવ કરે છે, તે બીજા મનુષ્યે પણ તેની સાથે તેવો વ્યવહાર કરવો જોઈએ, આ જ ધર્મ છે. માયાવી (કપટી) સાથે કપટ (માયા) નો વ્યવહાર કરવો જોઈએ અને સજ્જન સાથે સજ્જનતાનો વ્યવહાર કરવો જોઈએ.**

**શઠં પ્રતિ શાઠ્યમ્ (કપટી પ્રત્યે કપટ)ની ની નીતિ અપનાવવા વિદુર સલાહ આપે છે.**

### સુવિચાર

- યોગ્યતા મુજબ સફળતા મળવાની જ છે તેવી શ્રધ્ધાથી યોગ્યતાને વધુ ને વધુ ધારદાર બનાવી શકાય છે - **મુંબઈ સમાચાર**
- આપણે 'લક્ષ્મી'ને સુખસાહ્યબી ને માણસનું 'સદભાગ્ય' સમજીએ છીએ, પણ આ સંસારમાં પૈસાથી દૂર ન થઈ શકે તેવો દુ:ખોની યાદી અનંત છે - **જનકલ્યાણ**
- અચળ સુખનો વિસામો માણસ ઝંખે છે પણ આવો કોઈ ટાપુ કદી જીવનસાગરમાં ક્યાંય હોતો જ નથી - **વજુ કોટક**
- ધર્મભાવના માણસને માણસ સાથે જોડે છે અને સમગ્ર માનવજાતને પરમાત્મા સાથે જોડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જ્યારે મન નબળું પડે છે ત્યારે મનની ભૂતાવળો ગમે તેટલી સારી વાસ્તવિકતા ને પણ ફોક કરી દઈને તમારા માટે નરક ખડું કરી દે છે - **ફુલછાબ**
- દેહમાં જીવ હોય ત્યાં સુધી દયા નહીં છોડવાનું તુલસીદાસજીએ કહ્યું છે, કેમ કે કરુણા માણસાઈનો અર્ક છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : અર્જુન છાલનું ચૂર્ણ દૂધ સાથે લેવાથી હાડકું ભાગ્યું હોય તો જલ્દી સંધાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજા નગરચર્યા કરવા નીકળ્યા ત્યાં એક શેરીમાં કરુણ સ્વરે આક્રંદ કરતી યુવતીના ડૂસકાં સાંભળ્યા. રાજાએ સૈનિકોને હુકમ કર્યો, ને કહ્યું, 'આ યુવતીના રુદન માટે જે વ્યક્તિ જવાબદાર હોય તેને હમણાં જ હાજર કરો. મારે એનો ન્યાય તોળવો છે.' સૈનિકો તપાસ કરવા નીકળ્યા તો જાણ થઈ કે એ યુવતી પિયરથી વિદાય લઈને સાસરે જઈ રહી હતી તેથી આવું રૂદન કરતી હતી. રાજાએ પ્રશ્ન કર્યો, 'કોણ એને સાસરે લઈ જઈ રહ્યું છે તેને હમણાં જ હાજર કરો.' સૈનિકો જમાઈને લઈ આવ્યા અને રાજાને કહ્યું, 'આ યુવતીના રૂદનનું કારણ આ જમાઈનું આગમન છે.'

રાજાએ કહ્યું, 'મારા રાજયમાંથી તમામ જમાઈઓને ભેગા કરો અને તમામને ફાંસીએ લટકાવો. ચતુર મંત્રીને ખ્યાલ આવી ગયો કે રાજામાં સાચું-ખોટું પારખવાનો વિવેક નથી. પણ હવે કરવું શું ? રાજાની આજ્ઞાનું પાલન ન કરનારને મૃત્યુદંડ આપવાનો નિયમ હતો. આથી મંત્રીએ લોખંડ, પિત્તળ, ચાંદી અને સોનાની સાંકળો બનાવડાવી અને ત્રણ દિવસ પછી બધા જમાઈઓને ફાંસી આપવા માટે રાજા સમક્ષ હાજર થયો.

રાજાએ પૂછ્યું, 'જાત જાતની બેડીઓ શા માટે બનાવી છે. બધી એક સરખી હોય તો ન ચાલે ?' મંત્રીએ કહ્યું, 'મહારાજ, ફાંસી આપતી વખતે વ્યક્તિની ગરીમાનો અને એના પદનો ખ્યાલ રાખવા આવી ચાર જાતની બેડીઓ બનાવી છે. આપના માટે પણ સોનાની બેડી બનાવડાવી છે કારણ કે આપ પણ કોઈના જમાઈ તો છો જ ને?' રાજાની આંખ ખુલી અને સજા મોકુફ રખાવી.

# સિરિયાને સિરિયસલી લેવાની જરૂર છે

**તંત્રીસ્થાનેથી...**

દરેક યુગમાં પૃથ્વીના કોઈ ને કોઈ ભાગમાં ઊકળતા ચરુ જેવી સ્થિતિ સરજાય છે. એ ઉકળાટ શમે એ માટેના પ્રયત્નો થવા જોઈએ, પરંતુ ત્યાં રાજનેતાઓનો અહમ્ આડો આવતો હોય છે. હસ્તિનાપુરમાં જે ભારેલો અગ્નિ હતો એના પરથી જે વિનાશકારી મહાભારતનું યુદ્ધ સરજાયું હતું તે, અથવા દુનિયાના અન્ય પ્રદેશોમાં થયેલા ટ્રોય જેવાં યુદ્ધો પછી જે સૌથી મોટાં વિશ્વયુદ્ધો દુનિયાએ જોયાં તે માનવજાતના ભવિષ્ય સામેના રેડ સિગ્નલ જેવા હતા. લાખો નિર્દોષ લોકોને જાનથી હાથ ધોવા પડે, ગૅસ ચેમ્બરોમાં યહૂદી પ્રજાને જીવતી ગૂંગળાવી દેવાના કારસા થાય - અને અંતે યુદ્ધગ્રસ્ત વિશ્વને શાંતિમય જીવન ઉપલબ્ધ કરાવવા યુનાઈટેડ નેશન્સ જેવી સંસ્થા સ્થપાય; તે છતાં નવા વિશ્વયુદ્ધની સંભાવના તો ઊભી ને ઊભી હે છે. ખાડીને દેશો અને મધ્યપૂર્વની ગરબડો, ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન, ગદાફી, સદામ અને એવા સરમુખત્યારો સામેનો આક્રોશ: બલકે કાશ્મીર, તાઈવાન કે એવા જ અન્ય પ્રશ્નો અને છેલ્લે આ સિરિયા, આઈએસ, તાલેબાન એ તમામ સાથે કામ પાડતાં પાડતાં વિશ્વ આજે એ સ્તરે પહોંચી ગયું છે જયાં ગમે તે ક્ષણે ગમે તે મોટી દુર્ઘટના બની શકે છે. ઉત્તર કોરિયાના માથા ફરેલ સરમુખત્યાર અને અમેરિકાના બેફામ વાણીવિલાસ કરનારા વર્તમાન રાષ્ટ્રપ્રમુખ વચ્ચે ચીનના શિયાળના મહોરાવાળા ડ્રેગનથી દુનિયામાં કયારે હાહાકાર મચી જશે એ કલ્પવું મુશ્કેલ છે. સિરિયાના સર્વેસર્વા અસદને અમેરિકા સદામ અને ગદાફી જેવા તાનાશાહ માને છે, કેમિકલ વેપન્સના નામે જે રીતે સદામનો ખાત્મો કર્યો અને છેવટે ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર જેવી સ્થિતિ સરજાઈ હતી, એવું જ કશુંક સિરિયા પર રાસાયણિક શસ્ત્રોના નામે મિસાઈલ મારો ચલાવ્યા પછી મળી આવશે. રશિયા આ મુદ્દે અમેરિકા અને તેના સાથી મિત્રદેશો - ઈંગ્લેન્ડ અને ફ્રાંસ સાથે ધરાર સહમત નથી. બલકે રશિયાના સર્વોચ્ચ નેતા વ્લાદીમીર પુતિને તો અમેરિકા સિરિયા પર મિસાઈલો દાગશે તો અમે એમને આકાશમાં જ તોડી નાખશું એવો દમ પણ માર્યો હતો. રશિયા અમેરિકા અને મિત્ર દેશો દ્વારા થયેલ મિસાઈલ હુમલાથી છંછેડાયું છે. પરંતુ સીધેસીધું યુદ્ધનાં મેદાનમાં નથી ઉતર્યું તે સારુ છે. રશિયાએ હજી સલામતી સમિતિ (સિક્યુરિટી કાઉન્સિલ)ની બેઠક બોલાવી આ મુદ્દે અમેરિકા સામે વિરોધ પ્રદર્શિત કરવાની જ વાત ઉચ્ચારી છે. પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પ તો આ 'સકસેસ ફુલ ઓપરેશન' થી જાતે જ પોતાની પીઠ થાબડી રહ્યા છે. બનવાજોગ કે આવનારા દિવસોમાં રશિયા સાથે જાપાન અને ઉત્તર કોરિયા પણ અમેરિકાની વિરુદ્ધ લામબંધ થાય - એક મંચ પર આવે. ત્રીજા વિશ્વયુદ્ધની સંભાવનાથી બચવું હોય તો સિરિયાની આ ઘટનાને સૌએ સિરિયસલી લેવાની જરૂર છે.

# ડગલે ને પગલે ઈન્ટરનેટ દ્વારા ઠગાતી જનતા

## ઈમેલથી રસ્તા સુધી ઠગોની માયાજાળમાં ફસાતી ભોળી પ્રજા



**કાયદો અને કાનૂન**

**અશ્વિન ત્રિવેદી**

હાલના ટેકનોલોજીના યુગમાં માહિતીનો ભંડાર આંગણી અડાડતા ઉપલબ્ધ છે. દુનિયા તમારી મુઠીમાં સમાઈ ગઈ છે. પળભરમાં સંદેશાઓ દુનિયાના ખૂણે ખૂણે પહોંચી જાય છે તેમ છતાં ઠગો કયારેક ઈન્ટરનેટ ઉપર તો કયારેક રસ્તા ઉપર તો કયારેક નકલી મુરતીયા બની ઠગો રાહ જોઈને ટાંપીને બેઠા છે આમા ભોળી પ્રજા એવીરીતે છેતરાય જાય છે બેન્કની પીન નંબર માંગી, બેન્કમાંથી પળભરમાં નાણા ઉપાડી જાય છે અને પકડાતા નથી હદ તો એ છે કે રીક્ષામાં ટ્રેનમાં કે બસમાં પણ મુસાફરના વેશમાં આજુબાજુ ગોઠવાઈ પેસેન્જરને આબાદ રીતે ઠગતી ટોળી તરખાટ મચાવી ઢગે છે. સલામત ગણાતા ઘર કે ઓફીસ સુધી આ માયાજાળનો ફેલાવો દિન પ્રતિદિન વધતો જાય છે રોજ સમાચારમાં ટીવીમાં આવા કિસ્સા પ્રકાશમાં આવતા હોવા છતાં લોકો ભ્રમમાં કે લોભ લાલચમાં કે દાબદબાણ કે ડરના માર્યા છેતરાય છે અને ચોરની મા કોઠીમાં મોં સંતાડી રોવાનો વારો આવે છે.

સરનામું બતાવવાના બહાને લુંટી લે રસ્તામાં ઓઈલ ઢોળી લુંટી લે કારના કાચ ઉપર ઈંડા ફેંકી લુંટી લે છોકરીઓને લીસ્ટ અપાવી અંધારામાં ઉતારી લુંટી લે અથવા ઘરે મુકી જવા ના બહાને સાગરીતો સાથે બીભત્સ વિડીયો ઉતારી લુંટી લેવાની ઘટનાઓ દિન પ્રતદિન વધતી જાય છે. રસ્તામાં જતી મહિલાઓને નકલી પોલીસ દ્વારા દાગીના ઉતરાવી લુંટી લે છે. લગ્ન પ્રસંગોમાં નાના બાળકોને મોકલી ઉઠાંતરી કરાવી લે છે. ખોદકામાં સોનું મળેલ છે અને સસ્તામાં આપવાનું છે કહિ અસલી સોનું બતાવી નકલી સોનુ પધરાવી દે અથવા ડિલીવરી સમયે નકલી પોલીસ બની છાપો મારી પૌસા લઈ ફરાર થઈ જાય એકન ડબલ કરી આપવાની લાલચમાં ભોળવી છેતરી જાય છે પોલીસના સ્વાંગમાં ઉભા રાખી ગાંજો ચરસ સાધનમાં સેરવી ધાક ધમકી આપી તોડબાજી કરી લે છે. અસલી નોટ નીચે કાગળ રાખી લુટના પૌસા છે સગેવગે કરવાના છે જણાવી ઠગી લે અને અસલી નાણા લઈ છુ મંતર થઈ જાય છે.

સેવાના નામે પણ લોકો ઢગતા વિચારતા નથી. ગાયોના નામે, માંદા માણસોના નામે, કિડની ફેઈલ ના નામે, બાપ ના ઓપરેશનના નામે દિકરી નાણા ઉઘરાવી છુ મંતર થઈ જાય હોસ્પીટલોમાં ટીફીન સેવા આપવા, પક્ષીને ચણ નાંખવા, ગાયોને પુળા નાંખવાના બહાને ખોટા ટ્રસ્ટની રજીસ્ટર પાવતીઓ દ્વારા નાણા ઉઘરાવી છેતરપીંડી આચરતા લોકો પણ ઓછા નથી અને ભોળા ધાર્મિક લોકોને ટાર્ગેટ કરે છે અથવા મહિલાઓને બપોરે એકલી જોઈ ઘરમાં ઘુસી લુંટી લે છે.

દાગીના ધોવાના બહાને રસ્તામાં દાગીના ધોઈ આપવાના બહાને બપોરે મહિલાઓને લુંટી લે અથવા દાગીના લઈ નકલી પધરાવી દે અગર તો સોનું ધોવાના બહાને અડધુ કરી દાગીના પરત આપી છે.

શ્રેષ્ઠી અગર આગેવાનના મૃત્યુ સમયે બેસાણામાં પહોંચી ગાયો, અનાથ બાળકો, પક્ષીઓના ચબુતરાના નામે સ્વજનો પાસેથી નાણા ઉઘરાવી ધર્માદાના નામે ઢગતી ટોળીઓ પણ શહેરમાં બેસણાની જાહેરાત વાંચી પહોંચી જાય છે.

હમણા હમણાતો એકસીડન્ટમાં લોહીની બોટલો જોઈએ છે તેમ જણાવી ખાનગી લેબોરેટરીમાં બોલાવી લોહી લઈ વેપાર કરનાર ટોળકી પણ પ્રકાશમાં આવી છે.

સાયબર ક્રાઈમ દ્વારા ઘર બેઠા કમાઓની લાલચમાં એકાઉન્ટ ખોલાવી ડિપોઝીટ લઈ ડેટા એન્ટ્રી કરવાનું કામ અપાવવાના બહાને બેરોજગારોને ઠગી લે છે.

ટ્રસ્ટમાં નાણા આપી બ્લેકના વ્હાઈટ કરવાની લાલચ આપી બેન્કીંગ ચાર્જીસ બતાવી ઠગી લે છે. સીનીયર સીટીઝનોને ઈન્સ્યોરન્સ આપવાના નામે કોલ સેન્ટરમાંથી કોલ કરી યુવતીઓ દ્વારા નકલી પોલીસીઓ પધરાવી ઠગવાની ચાલ કાર્યરત થઈ છે.

ગુજરાતમાં કુલ ૧૩૩૦ વિશ્વાસઘાતની ફરીયાદ, ૧૬૯૩ છેતરપીંડીની ફરીયાદો નોંધાઈ છે. ૬૦૩૮ કેસમાં ઠગાઈ અને વિશ્વાસઘાતમાં આરોપીઓ પકડાયા છે પરંતુ હજુ નાઈઝરીયન ટીમ ઓનલાઈન બેન્કીંગના નામે ઠગાઈ કરે છે તે પોલીસ પકડથી દૂર છે અને રોજ ૫૦ વ્યક્તિ આવી ટોળકીનો ભો બને છે.

હેકર્સ દ્વારા એકાઉન્ટ હોલ્ડરને હેક કરી ઠગતી ટોળકી પણ પ્રકાશમાં આવી છે ડેટા હેન્ગ કરી બ્લેકમેઈલ કરતી ટોળકી સક્રિય બની છેતરપીંડીનો ભોગ બનાવે છે.

બિલ્ડર, ડોકટરર્સ, વકિલોને આઈટીની નકલી નોટીસ આપી નકલી અધિકારીઓ દ્વારા પણ સેટલમેન્ટના નામે ટોળકી ઠગે છે નકલી પોલીસ નકલી ડ્રગ્સ ઈન્સ્પેકટર આઈટી

**અનુસંધાન પાના નં ૭ પર**

# વિજ્ઞાન અને આત્મજ્ઞાનમાં કોણ ચઢિયાતું અને કોણ કનિષ્ઠ, એવી કોઈ વાત જ નથી



**WhatsApp ઑફ ધી વીક**

**નેહલ ગઢવી**

*હવેની પેઢીનાં નસીબમાં આ નથી*
*દફતર લઈને દોડવું...!!*
*તૂટેલી ચપ્પલનું જોડવું...!!*
*નાસ્તાના ડબ્બાઓ...!!*
*શર્ટ પર સહીના ધબ્બાઓ...!!*
*ખોબે ખોબે પીવાતું પાણી...!!*
*રીસેસની વિશેષ ઉજાણી...!!*
*બેફામ રમાતા પકડ દાવ...!!*
*ઘૂંટણ એ પડતા આછા ઘાવ...!!*
*બાંયોથી લુછાતા ચહેરા...!!*
*ગીલ્લી ડંડાનો એ ખેલ...!!*
*ચાર ઠીકડી ને આટાપાટા...!!*
*લાઈટના થાંભલે ગામગપાટા...!!*
*ખુલ્લા પગે રખડવું...!!*
*બોર આમલીનાં ચટાકા..!!*
*પીઠ પર માસ્તરના ફટાકા...!!*
*બિન્દાસ્ત ઉજવાતું વેકેશન...!!*
*નાં ટ્યુશન નાં ટેન્શન...!!*

વેકેશન પડતાં જ બહાર ફરવા જવું, આખો દિવસ ટીવી કે મોબાઈલમાં ગેમ્સ રમવી અથવા તો કેટકેટલા એક્ટિવીટી કલાસીસમાં જવું આ હવેનો ટ્રેન્ડ છે. અને આ બધી બાબતોની અસર રાતોરાત નહિ પરંતુ લાંબાગાળે એક વ્યક્તિ તરીકેના વ્યક્તિગત વિકાસમાં વર્તાય છે. આજના યુવાન પાસે જ્ઞાનનો, જ્ઞાન મેળવવા માટેના સાધનોનો, સુખ-સગવડોનો આ તમામ બાબતોનો મોટો જથ્થો હાજર રહે છે. અને તે પોતે પણ જીવન પાસેતી તેને શું જોઈએ છે તે જાણતો હોય છે તેમ છતાં એક નાની સરખી નિષ્ફળતા કે હાર તેને હલાવી જાય છે. એક ચોક્કસ માળખા મુજબ જ તેને જીવતા આવડ્યું છે અને જયારે કં પણ **'Out of Box'** અથવા સિલેબસ બહારનું આવી પડે તો તેનો સામનો કરવા તે અસમર્થ બની જાય છે.

શ્રી વિનોબા ભાવે ખૂબ સુંદર રીતે વ્યક્તિના વ્યક્તિગત વિકાસને વર્ણવતા લખે છે કે :

'કેટલાક લોકો વૈરાગ્યપૂર્ણ જીવન વિતાવે છે અને આત્મામાં વધુ રત રહે છે. એમને પણ તરત તો લાગે છે. તે વખતે પાણી મળે, તો જ એમને સમાધાન થાય છે; પાણી ન મળે ત્યાં સુધી અજંપો રહે છે.

બીજી બાજુ, જેઓ દેહના સુખ તરફ વધારે ઝૂકે છે, એમના જીવનમાં યે કયારેક એવી ક્ષણ આવે છે જયારે બહારની વસ્તુઓથી એમને તૃપ્તિ થતી નથી; એમણે અંતરના સમાધાનની ભૂખનો અનુભવ થાય છે.

તેથી દેહ અને આત્મા બંનેનું સમાધાન થવું જોઈએ. આ માટે વિજ્ઞાન અને આત્મજ્ઞાનનો વિકાસ સાથે સાથે ચાલવો જોઈએ.

પ્રાચીન જમાનામાં આપણે ત્યાં આધ્યાત્મિક તૃષ્ણા વધારે હતી, એટલે આત્મજ્ઞાનની ખોજ અહીં વધારે થઈ શકી. પશ્ચિમના દેશોમાં છેલ્લાં ત્રણસો વરસમાં વિજ્ઞાનનો વધુ વિકાસ થયો. પહેલાં કયારેય નહોતો એટલો સુખવિસ્તાર વિજ્ઞાને આજે કરી દીધો છે. પણ પહેલાં કરતાં સમાધાન વધ્યું છે એમ કહી શકાતું નથી. તેથી માણસનો વિકાસ એકાંગી થઈ રહ્યો છે. મારો જો એક જ હાથ મોટ થય,ો તો હું એમ નહીં કહીં શખું કે હું સુખી છું. બલકે એમ કહેવું પડશે કે મારો વિકૃત વિકાસ થઈ રહ્યો છે, ને પરિણામે હું દુ:ખી છું. આજે આપણે શરીર તરફ વધારે વિકાસ ધ્યાન આપીએ છીએ ને આત્મા તરફ ઓછું. એટલે માનવીય ગુણોનો વિકાસ નથી થઈ રહ્યો, અને માણસ દુ:ખી છે.

અગ્નિની રોટલી પણ શેકી શકાય છે અને ઘરને આગ પણ લગાડી શકાય છે. વિજ્ઞાને તો અગ્નિને બેય ઉપયોગ બતાવી દીધા. પણ તેમાંથી કયો ઉપયોગ કરવો તેનો નિર્ણય આત્મજ્ઞાને કરવો પડશે. જેના આત્મજ્ઞાનમાં દોષ હશે, તે વિજ્ઞાનનો ખોટો ઉપયોગ કરશે. વિજ્ઞાન તો માણસનું જીવનધોરણ વધારવા માટેના સાધનો ઉપયોગ કરાવી આપે છે. વિજ્ઞાન તો દૂધ, ફળ, સિગારેટ, દારૂ બધું જ વધારી આપશે. પણ દારૂ પીવાથી જીવનધોરણ વધે છે કે ઘટે છે, તે કોણ નક્કી કરશે ? વળી દૂધ સારી વસ્તુ હોય તો પણ તેનુંય પ્રમાણ કેટલું વધારવું, તે વિચારવું પડશે. સારી વસ્તુ વધારે પડતી લેવાથી હાનિકારક બની જાય છે. એટલે ખરાબ ચીજો ન વધારવી, અને સારી ચીજો પણ અમુક હદથી વધુ ન વધારવી, એમ નક્કી કોણ કરશે ? એ બધું નક્કી કરવાની શક્તિ વિજ્ઞાનમાં નહીં પણ આત્મજ્ઞાનમાં છે. ઈષ્ટ શું ને અનિષ્ટ શું, તે નક્કી કરવાનું કામ આત્મજ્ઞાનનું છે.

વિજ્ઞાન ગતિ-વર્ધક છે, આત્મજ્ઞાન દિશા-સૂચક છે. આપણે પગ વડે ચાલીએ છીએ, પણ કઈ દિશામાં ચાલવું તે આંખથી નક્કી કરીએ છીએ. તેમ વિજ્ઞાન પગ છે, અને આત્મજ્ઞાન છે આંખ. માણસને જો આત્મજ્ઞાનની આંખ ન હોય, તો તે આંધળો કોણ જાણે કયાં ભટકશે ! બીજી બાજુ, આંખ હોય પણ પગ ન હોય તો તેણે બેઠા જ રહેવું પડશે.

વિજ્ઞાન અને આત્મજ્ઞાનમાં કોણ ચઢિયાતું અને કોણ કનિષ્ઠ, એવી કોઈ વાત જ નથી. બંને એકબીજાનાં પૂરક છે, બંને મળીને જ પૂર્ણ જ્ઞાન થાય છે. બંનેનો એકસાથે વિકાસ થતો રહેવો જોઈએ. બંનેના વિકાસમાં સમત્વ જળવાશે તો જ માણસને સમાધાન પ્રાપ્ત થશે. વિજ્ઞાનની શોધનો ઉપયોગ સહુ કોઈ કરી શકે છે, તેમ આત્મજ્ઞાનની શોધનોય સહુ કરી શકે એવું થવું જોઈએ. સત્પુરુષોએ પોતાના વ્યક્તિગત જીવનમાં જે ગુણો સિદ્ધ કર્યા, તેણે આપણે સમાજવ્યાપી બનાવવાના છે.


**Last Seen :**

*ચાલ ફરી બાળક બની જઈએ*
*ચાલ ને ભેરુ ! આંખમાં નિર્દોષ કૌતૂક આંજીએ,*
*ભવિષ્ય અને વર્તમાન ભૂલી ભૂતકાળમાં ભૂલા પડીએ,*
*A.C. ઓફીસને પડતી મૂકી ધૂળમાં રકદોડાઈ જઈએ,*
*ઘરનાં સોફા ને પડતો મૂકી બગીચાનાં ઝુલામાં ઝુલી જઈએ,*
*મોબાઈલને પડતો મૂકી ફરી માં-પપ્પાની આંગળી પકડી લઈએ,*
*અરે છોડ ! આ વૈભવી સંપત્તિની દોડ,*
*ફરી રેતીના ઢગલા બનાવી લઈએ,*
*આવ સાથે રેડી દઈએ શાણપણ,*
*અપનાવી લઈએ પહેલા જેવું ભોળપણ,*
*ચાલ ફરી બાળક બની જઈએ*
*ચાલ ને ભેરુ....*

- દેવર્ષ ત્રિવેદી (DMT)

- nehalgadhavi101@gmail.com

# રાષ્ટ્રનેતા ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામે ખેલાતાં રાજકારણ



**અતિતની આજ**

**ડૉ. હરિ દેસાઈ**

- “જય ભીમ” કહીને તોડફોડ કરવા કે હિંસા આચરવામાં તો પ્રજ્ઞાસૂર્ય આંબેડકરનું નર્યું અપમાન જ
- હિંદુ કોડ બિલના વિરોધમાં સંઘ-હિંદુ મહાસભાએ બાબાસાહેબનાં પૂતળાં બાળ્યાં હતાં એ રખે ભૂલાય
- સંઘ તરફથી અનામત પ્રથાની કાખઘોડીને ફગાવવાની કે સમીક્ષાની વાત થાય ત્યાં જ ભડાકા થાય છે
- યાવાદ્ચંદ્ર દિવાકરૌ અનામત પ્રથા ચાલુ રાખવા સામે અનામતના વિરોધમાં ભારતબંધ એ તો પડકાર

અત્યારે ઈતિહાસને નામે કોણે કોને અન્યાય કર્યો અને કોણ કોને ન્યાય તોળે છે, એની ઠાલી વાતોથી પ્રજાના પેટનો ખાડો ભરવાની કોશિશની કવાયત ચાલે છે.આ સઘળા ઉપક્રમ પાછળ હેતુ માત્ર ચૂંટણી જીતવાની મનસાથી વિશેષ કશું જ નથી.પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુને ભાંડવા માટે નેહરુ સરકારમાંથી ડૉ.બાબાસાહેબ આંબેડકરે રાજીનામું આપવું પડ્યાની વાતો વર્તમાન ભાજપી શાસકો ગજવે છે. તેઓ એ વાત અનુકૂળતાએ વીસરી જાય છે કે હિંદુ કોડ બિલ મંજૂર કરાવવા માટે તો નેહરુ ડૉ.આંબેડકરને પડખે હતા,પણ એનો વિરોધ કરવામાં અત્યારના ભાજપના આરાધ્યપુરુષ ડૉ.શ્યામાપ્રસાદ મુકરજી હતા. સંઘ-હિંદુ મહાસભાએ ડૉ.આંબેડકરનાં પૂતળાં બાળ્યાં હતાં.હિંદુ કોડ બિલ સામે વિરોધ કરવામાં રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદ અને નાયબ વડા પ્રધાન તથા ગૃહ પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ હતા, એ વાત પણ યાદ કરવી પડે.બધો દોષ નેહરુને માથે મઢી દેવાનું રાજકારણ ક્યાં લઈ જશે એ જ વિમાસણ છે.



અમેરિકા અને ઈંગ્લેન્ડમાં શ્રેષ્ઠ ગણાતી યુનિવર્સિટીઓમાં ભણીને સ્વદેશ પાછા ફરેલા બાબાસાહેબ ડૉ. ભીમરાવ રામજી આંબેડકર (૧૪ એપ્રિલ ૧૮૯૧ - ૬ ડિસેમ્બર ૧૯૫૬) પોતાના દલિત-શોષિત સમાજના સામાજિક અને રાજકીય ઉત્થાનમાં સકારાત્મક યોગદાન કરવા માટે જાણીતા છે.દેશના પ્રથમ કાયદા પ્રધાન અને બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ તરીકે મહામૂલું યોગદાન કરનારા બાબાસાહેબના નામે આજે વરવાં રાજકારણ ખેલાઈ રહ્યાં છે. ૧૪ એપ્રિલ એટલે કે ડૉ. બાબાસાહેબનો જન્મ દિવસ.સંયોગ પણ કેવો કે ૨૦ માર્ચે ભારતની સર્વોચ્ચ અદાલતે આપેલા એક ચુકાદાની આડશે, એને વાંચ્યા વિના, આંધળેબહેરું કૂટીને, સુપ્રીમ કૉર્ટ તથા કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારને ભીંસમાં લેવાના હેતુસર જ કદાચ ગત બીજી એપ્રિલે ભારતભરમાં ભારે અજંપો અને અથડામણો સર્જાઈ. વિરોધ બંધના આ ઘટનાક્રમે સર્જેલા વરવાં દશ્યોમાં વિવિધ રાજ્યોમાં અગિયારેક નિર્દોષ લોકોના જાન ગયા. કેટલાક રાજકારણીઓને પોતાનું તકદીર ચમકાવવા માટેની તક મળી ગઈ. વર્ષ ૧૯૮૯ના એટ્રોસિટી ઍક્ટને હળવો બનાવી દેનારા મનાતા સુપ્રીમના એ ચૂકાદા સામે કેન્દ્ર ૩ એપ્રિલે રિવિઝન પિટીશન કરે છે,પણ સુપ્રીમે પોતાના એ ચૂકાદાને મોકૂફ રાખવાનું ટાળ્યું હતું. રાજકીય માહોલમાં ઉશ્કેરાટ વ્યાપ્યો અને સ્વાભાવિક રીતે વર્તમાન કેન્દ્ર સરકારના દલિત મંત્રીઓ રામવિલાસ પાસવાન અને રામદાસ આઠવલે ઉપરાંત સત્તારૂઢ ભાજપના કેટલા દલિત સાંસદોએ પણ નારાજગી વ્યક્ત કરી. હકીકતમાં આવા ઘટનાક્રમમાં કોઈ ખોટ વર્તાઈ હોય તો ડૉ. આંબેડકર જેવા પ્રજ્ઞાસૂર્ય જેવી સમજદારીની. એમના નામે રાજકારણ ખેલનારાઓમાં કોઈ રાજકીય પક્ષ અપવાદ નથી, પણ ડૉ.આંબેડકરે પ્રબોધેલી વાતના અનુસરણથી પ્રત્યેક પક્ષના નેતા-કાર્યકર્તા આઘા રહ્યાની વ્યથા અનુભવાય એ સ્વાભાવિક છે. ડૉ.આંબેડકર બંધારણીય રીતે આંદોલન કરવાના પક્ષધર હતા. એટલે “જય ભીમ” કહીને હિંસક અથડામણોમાં સહભાગી થવું એ આંબેડકરના વિચાર સાથે પણ સુસંગત નથી.

અત્યારે કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીનો માહોલ છે. આ રાજ્યમાં કૉંગ્રેસ સની સરકાર છે અને એને ટકાવવાના મરણિયા પ્રયાસ પક્ષના અધ્યક્ષ રાહુલ ગાંધી અને મુખ્ય પ્રધાન સિદ્ધરામૈયા થકી થાય એ સ્વાભાવિક છે. કર્ણાટકમાં દલિત અને મુસ્લિમ વસ્તીનું પ્રમાણ પણ ઘણું મોટું છે. ભાજપને ફાળે કેન્દ્ર સરકાર ઉપરાંત ૨૧ રાજ્યો ગયા પછી એના વિજયરથને રોકવાના પ્રયાસો કર્ણાટકમાં થાય એ સમજી શકાય છે. ભાજપ થકી એના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન યેડિયુરપ્પા રાજ્યને ભવિષ્યમાં ભાજપની ઝોળીમાં લાવવા માટે આકાશ-પાતાળ એક કરી રહ્યા છે. અહીંના રાજકીય દ્રષ્ટિએ પ્રભાવી અને ૧૮ ટકા વસતી ધરાવતા લિંગાયત સમાજને લઘુમતીનો દરજ્જો આપવાના ટેકા અને વિરોધમાં રાજકીય હુંસાતુંસી ચરમસીમાએ છે.

કૉંગ્રેસ સરકારે લિંગાયતને ધાર્મિક લઘુમતી જાહેર કરીને એના પર મંજૂરીની મહોર મારવા માટે મોદી સરકાર ભણી એની દરખાસ્ત પાઠવી દીધી છે. સામે પક્ષે, ભાજપના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર યેડિયુરપ્પા પોતે લિંગાયત સમાજના હોવા છતાં સંઘ પરિવાર અને ભાજપ, કૉંગ્રેસ સની ચાલને “હિંદુ સમાજને તોડવાનો કારસો” ગણાવીને એનો વિરોધ કરે છે. જોકે ૨૦૧૩માં સ્વયં યેડિયુરપ્પાએ જ લિંગાયત પંથને ધાર્મિક લઘુમતી જાહેર કરવાના આવેદનપત્ર પર હસ્તાક્ષર કર્યા હતા. હા, એ વખતે એ ભાજપમાંથી હકાલપટ્ટી પામીને પ્રાદેશિક પક્ષના વડા હતા ! આજકાલ કર્ણાટકમાં ચૂંટણી પ્રચાર ચરમસીમાએ છે ત્યારે ગુજરાતના અપક્ષ ધારાસભ્ય કોમરેડ જીજ્ઞેશ મેવાણી કૉંગ્રેસ સને ટેકો કરવાના ઈરાદે કર્ણાટકમાં જઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સભામાં ખુરશીઓ ઉછાળવાનો બોધ આપી રહ્યાની ફરિયાદો થઈ છે. સમગ્રપણે પ્રજાના હિતના મુદ્દાઓને બાજુએ સારીને રાજકીય પક્ષો પ્રજાને ઉશ્કેરી તથા ગેરમાર્ગે દોરીને ચૂંટણી જીતવા પ્રયત્નશીલ હોવાનું વર્તાય છે.

ભાજપની માતૃસંસ્થા આરએસએસની ૧૯૮૧ની પ્રતિનિધિ સભાનો અનામત અંગેનો ઠરાવ સ્પષ્ટ કરે છે કે અનામતની કાખઘોડી કાયમ માટે રાખી શકાય નહીં.એ પછીના ૨૦૧૨ સુધીના અનામત વિષયક ઠરાવોમાં અનામતથી લાભની સમીક્ષાનો આગ્રહ રાખવાની સાથે જ આર્થિક રીતે નબળા વર્ગોને અનામતનો લાભ આપવાની જોગવાઈ કરવા પર પણ ભાર મૂક્યો હતો.જોકે બિહાર વિધાનસભાની ચૂંટણી પૂર્વે સંઘના સરસંઘચાલક ડૉ. મોહનરાવ ભાગવતે અનામતની સમીક્ષાની વાત કરી તો ભાજપ હારી ગયો હતો. એ પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને ડૉ.ભાગવત સુધીના અનામતના સમર્થનમાં બોલતા રહ્યા છે. જોકે તાજેતરમાં ૧૦ એપ્રિલે અનામતના વિરોધમાં ભારત બંધ રહ્યું, એ ઘટનાને ઐતિહાસિક લેખવી પડે કારણકે અત્યાર લગી આવા મુદ્દે સમાજના અમુક વર્ગમાં અસંતોષ હોવા છતાં એ અનામતનાં વિરોધમાં આંદોલન કરતો નહોતો.દેશમાં સંઘનું રાજકીય સંતાન ભાજપ સત્તારૂઢ હોવાને કારણે અનામત વિરોધી સૂર બુલંદ થવા માંડ્યા હોવાનું પણ કેટલાક માનવા માંડ્યા છે.

દલિતો (એસસી: શિડ્યૂલ્ડ કાસ્ટ્સ) અને આદિવાસી (એસટી: શિડ્યૂલ્સ ટ્રાઈબ્સ) પરના અત્યાચારની સામે સુરક્ષા આપવા માટે બંધારણ સભામાં એકી અવાજે ધારો ઘડવાની વાત થઈ હતી.૧૯૮૯ના

**અનુસંધાન પાના નં ૭ પર**